# રિલાયન્સ ૧૫૦૦ અબજનું રોકાણ કરશે

મુંબઈ,તા. ૬

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આજે જાહેરાત કરી હતી કે તે આગામી ત્રણ વર્ષમાં પેટ્રોકેમિકલ્સ, તેલ અને ગેસ, રીટેલ અને દુરસંચાર ક્ષેત્રમાં ૧૫૦૦ અબજ અથવા ૧.૫ લાખ કરોડનુ જંગી રોકાણ કરશે. પોતાના મુખ્ય કારોબારમાં જંગી રોકાણની તૈયારી રિલાયન્સ દ્વારા હાથ ધરવામાં આવી છે. કંપનીની વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં બોલતા રીલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ કહ્યું હતું કે રિલાયન્સ હજુ સુધીના સૌથી મોટા રોકાણ કાર્યક્રમ સાથે આગળ વધવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું હતું કે આ રોકાણ મુખ્ય રીતે તેલ અને ગેસ, ખાણ, રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ્સ, રીટેલ અને બ્રાડબેન્ડ તથા ડિજીટલ સેવામાં રોકાણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે આરઆઈએલ વિશ્વની ટોચની પાંચ પેટ્રોકેમિકલ્સ કંપનીઓમાં સ્થાન મેળવવા ઈચ્છુક છે અને કંપનીની પેટ્રોકેમિકલ્સ ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧.૫ કરોડ ટનથી વધીને ૨.૫ કરોડ ટન સુધી ટુંકમાં પહોંચી જશે. અંબાણીએ ગયા વર્ષે વાર્ષિક સામાન્ય બેઠકમાં આગામી પાંચ વર્ષમાં ૧૦૦૦૦૦ કરોડના રોકાણની જાહેરાત કરી હતી. હવે રીલાયન્સે ૧.૫ લાખ કરોડ અથવા તો ૧૫૦૦ અબજ રૂપિયાનુ રોકાણ ત્રણ જ વર્ષમાં કરવાની જાહેરાત કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આરાઈએલની બ્રિટનની બીપીની સાથે ભાગીદારીનો હવે લાભ થવાની શરૂઆત થઈ ચુકી છે. વર્તમાન ઉત્પાદન ક્ષેત્ર કેજી-ડી ૬ બ્લોકમાં બે કિલોમીટર નીચે ગેસના સંશોધનની સાથે જ કંપની હવે આ ગેસ ક્ષેત્ર અને આસપાસના વિસ્તારોમાં તેના ઉત્પાદન શરૂ કરવા અંગે વિચારણામાં વ્યસ્ત છે.



અંબાણીએ કહ્યું હતું કે કંપની મધ્યપ્રદેશના શોગાપુરમાં સ્થિત કોલ બેડમિથેનથી ઉત્પાદન શરૂ કરવા પર વિચારણા કરી રહી છે. અલબત્ત અંબાણીએ દુરસંચાર સેવા શરૂ કરવાના સંબંધમાં માહિતી આપી ન હતી. પરંતુ કહ્યું હતું કે દુરસંચાર કારોબાર યુનિટ કર્મચારીઓની સંખ્યા આગામી વર્ષે વધારીન ૧૦૦૦૦ કરવામાં આવશે.

જે હાલમાં ૩૦૦૦ જેટલી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે શિલવાસા પેટચેમ પ્લાન્ટ આ વર્ષે ઓપરેશનલ થઈ જશે. અંબાણીએ કહ્યુંહતું કે રીટેલ બિઝનેસ રેવેન્યુનો આંકડો ૧૦૦૦૦ કરોડના આંકડાને પાર કરી ગયો છે. મુકેશ અંબાણીની આજની જાહેરાતને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આનાથી બજારમાં નવી આશા જાગી શકે છે. કર્મચારીઓમાં પણ ખુશીનું મોજુ ફરી વળ્યુ છે.

## ચૂંટણી પ્રચાર માટે બે અલગ કમિટિ નહીં રચાય : ભાજપ

નવીદિલ્હી,તા. ૬

બીજેપીએ નક્કી કર્યું છે કે વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવામીની માંગ અનુસાર પક્ષ ચુંટણી પ્રચાર માટે બે અલગ અલગ કમિટિઓની રચના કરશે નહીં.

સૂત્રોના જણાવ્યા અનુસાર માત્ર લોકસભાની પ્રચાર કમિટિની રચના કરવામાં આવશે. જેના પ્રમુખ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હશે.

જ્યારે વિધાનસભાની ચૂંટણી માટે કોઈપણ અલગ કમિટિની રચના કરવામાં આવશે નહીં. અત્રે એ ઉલ્લેખનીય છે કે અડવાણીની ઈચ્છા હતી કે આ માટે અલગ કમિટિની રચના કરવામાં આવે. આ પ્રકારની જાહેરાત ૯ જૂને ગોવામાં યોજાનાર પક્ષની કારોબારીમાં થાય તેવા શક્યતા છે.

આ અગાઉ એવા સમાચાર હતા કે રવિવારે અડવાણીને પક્ષ અધ્યક્ષ રાજનાથસિંહ મળ્યા હતા. તે મુલાકાત દરમિયાન અડવાણીએ સ્પષ્ટતા કરી દીધી હતી કે લોકસભાની ચૂંટણીમાં પ્રચારની કમાન ભલે નરેન્દ્ર મોદી સંભાળે પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં બે અલગ અલગ કમિટિની રચના કરવામાં આવે.



અડવાણી સ્પષ્ટપણે બે અલગ અલગ કમિટિની તરફેણ કરતા હતા. તેમની સલાહ હતી કે ભૂતપુર્વ પક્ષ અધ્યક્ષ નીતિન ગડકરીને બીજી કમિટિના અધ્યક્ષ બનાવવામાં આવે. જો કે નીતિન ગડકરીએ એમ જણાવી દીધું હતું કે તેઓ કોઈપણ કમિટિમાં સામેલ થવા માંગતા નથી. કારણ કે તેમણે નાગપુરથી પોતાની ચુંટણી માટે તૈયારીઓ કરવાની છે. ગડકરીએ એમપણ જણાવ્યું હતું કે તે કોઈપણ પ્રકારના વિવાદમાં પડવા માંગતા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે અડવાણી અને નરેન્દ્ર મોદી વચ્ચેનાં રાજકીય સંબંધો ખાસ મિઠાસ ભર્યા નથી. રાજકીય ફલક ઉપર નરેન્દ્ર મોદીનું વિસ્તરી રહેલું મહત્વ પણ અડવાણીને પોતાના વર્ષો જુના વડાપ્રધાન બનવાના સપનાથી દૂર લઈ જાય છે. રાજનાથસિંહ જાહેરમાં નરેન્દ્ર મોદીની તરફેણ કરે છે. ગુજરાતમાં સતત ત્રણ વખત મુખ્યમંત્રી બનવાને કારણે તેમજ ગુજરાતના વિકાસમાં કહેવાતી રીતે નરેન્દ્ર મોદીનો ફાળો હોવાને કારણે પણ કેન્દ્રમાં તેમનું મહત્વ વધી રહ્યું છે. આગામી ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને ધ્યાનમાં રાખીને રણનિતીઓ ઘડાઈ રહી છે. જેથી ભાજપ આપબળે કેન્દ્રમાં સત્તા હાંસલ કરી શકે. ભાવી વડાપ્રધાનના ઉમેદવાર પદ તરીકે છેલ્લા વર્ષથી નરેન્દ્ર મોદીનું નામ ચર્ચાતુ રહ્યું છે.

## રાજ કુન્દ્રાએ સટ્ટાબાજીની વાત કબૂલી : શિલ્પા શંકાના ઘેરામાં

નવી દિલ્હી,તા. ૬

રાજસ્થાન રોયલ્સના માલિક રાજ કુન્દ્રાએ આઈપીએલ દરમિયાન સટ્ટાબાજીની વાત કબૂલી લેતા ભારે ખળભળાટ મચી ગયો છે. રાજ કુન્દ્રા પર પણ હવે સકંજો વધુ મજબુત બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજસ્થાન રોયલ્સની માલિક અને બોલિવુડની અભિનેત્રી શિલ્પા શેટ્ટી પણ શંકાના ઘેરામાં આવી ગઈ છે. તેની પુછપરછનો તખ્તો પણ ગોઠવાઈ ગયો છે. એવી શંકા છે કે શિલ્પા શેટ્ટીએ પણ સટ્ટામાં ભાગ લીધો હતો. પોલીસ હવે આ દંપત્તિ પર સકંજો જમાવી રહી છે. બીજીબાજુ દિલ્હી પોલીસે આઈપીએલના સ્પોટ ફિક્સીંગ મામલામાં તપાસ પૂરી ન થાય ત્યાં સુધી રાજ કુન્દ્રાને દેશની બહાર નહીં જવાનો આદેશ કર્યો છે. સાથે સાથે પાસપોર્ટ પણ જપ્ત કરી લીધો છે. આ અગાઉ ક્રિકેટર સિદ્ધાર્થ ત્રિવેદીએ પોલીસને કહ્યુ હતુ કે કુન્દ્રાના મિત્ર અને વેપારી ભાગીદાર ઉમેશ ગોયંકા તેની પાસે ટીમની પસંદગી અને પીચ સાથે સંકળાયેલી માહિતી માંગતા હતા. દિલ્હી પોલીસે દાવો કર્યો છે કે રાજે સટ્ટાબાજીની વાત કબૂલી લીધી છે. રાજ કુન્દ્રા તેની પોતાની ટીમ પર સટ્ટો લગાવતો હતો અને આમાં જંગી રકમ ગુમાવી હોવાનું પણ જાણવા મળ્યુ છે. આઈપીએલ બેટિંગ કૌભાંડમાં એક નવો સનસનાટીપૂર્ણ વળાંક આવ્યો છે. ચેન્નઈ



સુપરકિંગ્સના ગુરુનાથ મેયપ્પન બાદ કુન્દ્રા આઈપીએલ ટીમના બીજા માલિક છે જે બેટિંગના સકંજામાં આવ્યા છે. જો આ માલિકો સામે આરોપો પુરવાર થશે તો બીસીસીઆઈ રાજસ્થાન રોયલ્સને આઈપીએલમાંથી દૂર કરી શકે છે. કુન્દ્રાની ફરી એકવાર પુછપરછ પણ થઈ શકે છે. જો કે દિલ્હી પોલીસ વડા નિરજ કુમારે કહ્યુ છે કે અન્ય લોકો પણ સકંજામાં આવી શકે છે. કુન્દ્રા સટ્ટાબાજીમાં છે પરંતુ ફિક્સીંગમાં નથી. રાજસ્થાન રોયલ્સના માલિકોમાં સામેલ રાજ કુન્દ્રાએ અગાઉ પોલીસ સમક્ષ એવી ચોંકાવનારી માહિતી આપી હતી કે હોટેલોમાં ખેલાડીઓને મળવા માટે દરેક પ્રકારના લોકો આવતા હતા. ક્રિકેટરો આ લોકોને પોતાના પર્સનલ ગેસ્ટ તરીકે ગણાવીને પોતાના રૂમમાં બોલાવતા હતા. રાજ કુન્દ્રાએ કહ્યું હતુ કે બેટિંગ અથવા તો ફિક્સિગમાં તેમની કોઈ પણ પ્રકારની સંડોવણી નથી. જો કે પોલીસે પુછપરછ કર્યા બાદ કુન્દ્રાને હજુ સુધી ક્લિન ચીટ આપી નથી. આવી સ્થિતીમાં હજુ કેટલીક બાબતો સપાટી પર આવી શકે છે. ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજની બુધવારે સવારે પુછપરછ કરી હતી. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલે લોદી કોલોની સ્થિત સ્પેશિયલ સેલની ઓફિસમાં કુન્દ્રાની મોડી રાત સુધી પુછપરછ ચાલી હતી. રાજ અને તેમના બિઝનેસ મિત્ર ઉમેશ ગોઈન્કાને રાજસ્થાન રોયલ્સના ક્રિકેટર સિદ્ધાર્થ ત્રિવેદીની સામે બેસાડીને પુછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ જુદી જુદી રીતે પણ પુછપરછ કરવામાં આવી હતી. ત્રિવેદીને પહેલાથી સરકારી સાક્ષી બનાવી લઈને સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ મેજિસ્ટ્રેટની સામે નિવેદન કરાવવામાં આવી ચુક્યા છે. બુધવારના દિવસે ઉમેશના નિવેદનને પણ મેજિસ્ટ્રેટની સામે નોંધાવી દેવામાં આવ્યા બાદ રાજ પર દબાણ વધી ગયુ હતુ. સ્પેશિયલ સેલના કમીશ્નર એસએન શ્રીવાસ્તવે કહ્યું છે કે રાજ કુન્દ્રાને કેટલાક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ફિક્સિરોના સકંજામાંવી ગયેલા રાજસ્થાન રોયલ્સના ક્રિકેટરોને તેઓએ બીસીસીઆઈની માર્ગદર્શિકા અંગે કેમ જાણ કરી ન હતી. તેના જવાબમાં રાજે કહ્યુ હતું કે ક્રિકેટર એડલ્ટ છે. તેઓ કોઈ બાળકો નથી. રાજે કહ્યુંહતું કે ખેલાડીઓને ભ્રષ્ટાચાર વિરોધી યુનિટની માર્ગદર્શિકા અંગે માહિતી આપી હતી. રાજે કહ્યું હતું કે ખેલાડીને મળવા માટે આવતા લોકોને પર્સનલ ગેસ્ટ તરીકે ગણાવવામાં આવતા હતા જેથી તેમને રોકવામાં આવતા ન હતા.

## મારૂતિના ગુડગાવ, માનેસરના પ્લાન્ટમાં આજે કામ નહીં થાય

નવી દિલ્હી,તા. ૬

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી આવતીકાલે શુક્રવારે તેના ગુડગાવ અને માનેસર પ્લાન્ટને બંધ રાખસે. એક દિવસ માટે બન્ને પ્લાન્ટને બંધ રાખવાના નિર્ણયથી કારોબારીઓમાં તર્ક વિતર્કનો દોર શરૂ થયો ચે. આ મહિનામાં મોડેથી મેન્ટેનન્સ બંધ રાખવામાં આવે તે પહેલા આ નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીના પ્રવકતાએ માહિતી આપતા કહ્યું છે કે બે પ્લાન્ટને આવતીકાલે બંધ રાખવામાં આવશે. માર્કેટની માંગને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રવકતાએ એમ પણ કહ્યું હતું કે ૧૭મી જુનથી ૨૨મી જુન દરમિયાન પણ નિર્ધારિત રીતે મેન્ટેનન્સ બંધ પાળવામાં આવશે. હાલમાં ઓટોમોબાઈલ માર્કેટમાં ભારે મંદી પ્રવર્તી રહી છે તેવા સમયમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. મારૂતિ સુઝુકીએ કબુલાત કરી છે કે આ વર્ષે મે મહિનામાં તેના કુલ વેચાણમાં ૧૪.૪ ટકાનો ઘટાડો થયો ચે. મારૂતિની ૮૪૬૭૭ કારનુ વેચાણ આ વર્ષે મેમાં થયું છે.

કંપનીની કારના વેચાણમાં ઘટાડો થતા બજારમાં ભારે ચિંતાનુ મોજુ દેખાઈ રહ્યું છે. મે ૨૦૧૨માં કારના વેચાણમાં ૧૩ ટકાનો ઘટાડો થયો હતો. અને તેની ખુબ ઓછી કાર વેચાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુડગાવ અને માનેસર પ્લાન્ટમાં દરરોજ ૫૦૦૦ કારનુ નિર્માણ કરવામાં આવે છે. હાલમાં કંપનીએ આશરે ૧૫ લાખ યુનિટની વાર્ષિક ક્ષમતા મેળવી લીધી છે. જે વધીને આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં ૧૭.૫ લાખ યુનિટ સુધી પહોંચે તેવી શક્યતા છે. સપ્ટેમ્બર સુધી માનેસરમાં ત્રીજા પ્લાન્ટને શરૂ કરી દેવામાં આવશે. મારૂતિ દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની છે. તે ભારતીય બજારમાં પ્રભુત્વ ધરાવે છે.

## સમાચાર ઝલક

- માઓવાદી હિંસાને રોકવા કેન્દ્ર-રાજયો વચ્ચે સમન્વય જરૂરી...
- રે... કરૂણતા ભાવનગરમાં આર્થિક સંકડામણથી સામુહિક આત્મહત્યા.
- પંજાબમાં ત્રાસવાદને ફરી સક્રિય કરવા પાકિસ્તાનની આઇએસઆઇ એજન્સીના પ્રયાસો...
- થરાદમાં શિક્ષિકાએ સાડી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી.
- સ્ટ્રોકના સાત હુમલા પૈકી એક ઊંઘમાં થાય છે : એક સર્વે.
- બજારમાં ધોરણ-૧ થી ૧૨નાં પુસ્તકો પ્રાપ્ય થતાં નથી.
- ૧ રૂપિયાનાં પગાર કલબમાં હવે વધુ સીઇઓ સામેલ થશે.
- રૂા. ૩ લાખથી વધુના ઘરેણાં રોકડેથી ખરીદી શકાશે નહિ.
- રેલ્વેના તમામ નિવૃત્ત કર્મચારીઓને સ્માર્ટકાર્ડ મળશે, ખાનગી હોસ્પિટલોમાં કેશલેસ સારવાર લઇ શકાશે.
- આઇપીએલ સટ્ટાખોરીમાં પાકિસ્તાને મોટા પાયે નકલી નોટો ઠાલવી...
- ચોમાસું સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ૧૨ જૂન સુધી આવી પહોંચશે.
- મુંબઇ-અમદાવાદ હાઇવે પર ૫૦ લાખની લૂંટ ચલાવતા બાઇક ચાલકો
- વરસાદના આગમનથી શાકભાજી - કઠોળ - તેજાનાનાં ભાવવધારામાં બ્રેક લાગી.
- એક વૃક્ષ સમગ્ર જીવન દરમિયાન ૧૫ લાખ લોકોને લાભ આપે છે.
- અમેરિકાએ ઇરાની ચલણ પર પ્રતિબંધ લગાવ્યો.
- રાજયના કર્મચારીઓને પી.એફ.ની સ્લીપો માસનાં અંતમાં મળી જશે.
- ભારતીય ક્રિકેટર યુવરાજસિંહ વરલી, મુંબઇમાં ૬૦ કરોડનો બંગલો ખરીદશે.
- રેલ્વેલાંચ કાંડ આરોપી પવન કુમાર બંસલની ફરીથી પૂછપરછ થશે.
- એન્કાઉન્ટર સ્પેશિયાલીસ્ટ જ આતંકીઓને મદદ કરતો હતો...
- રથયાત્રામાં રથોની ઊંચાઇ વધારવા વિચારણા.
- રાજકુંદ્રા સટ્ટકાંડમાં સામેલ કબૂલાત કરી, શિલ્પા શેટ્ટીની પણ પૂછપરછ થશે.

## રૂપિયામાં પતનને લઈને ચિંતાની જરૂર નથી : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૬

અમેરિકી ડોલર સામે રૂપિયો ૫૭ની મનોવૈજ્ઞાનિક નીચી સપાટીએ પહોંચી ગયા બાદ નાણાંમંત્રી પી ચિદમ્બરમે તેમની પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે રૂપિયામા ઘટાડો ચિંતાજનક બાબત નથી. રૂપિયો ટૂંકમાં જ ફરી સ્થિર થઈ જશે. રૂપિયો સ્થિર સપાટી મેળવી લેશે. ચિદમ્બરમની આ પ્રતિક્રિયા બાદ કારોબારીઓને આંશિક રાહત થઈ હતી. આજે કારોબાર દરમિયાન રૂપિયો ૫૭ની મનોવૈજ્ઞાનિક નીચી સપાટીએ સ્પર્શી ગયો હતો. સ્થાનિક શેરબજારમાં કડાકાની અસર પણ તેના પર જોવા મળી હતી. રૂપિયામાં ઘટાડો નોંધાયા બાદ ચિદમ્બરમે તરત જ તેમની પ્રતિક્રિયા આપીને કહ્યુ હતુ કે રૂપિયો ટૂંકમાં જ સ્થિર સપાટી મેળવી લેશે. છેલ્લા બે મહિનામાં વિદેશી મૂડીપ્રવાહ ખૂબ સારો રહ્યો છે. છેલ્લા આઠ દિવસના ગાળામાં જ રૂપિયો ડોલર સામે ૧૫૦ પૈસા ઘટી ગયો છે જેના લીધે ભારે અફડાતફડી મચી ગઈ છે. અમેરિકી વહિવટીતંત્ર દ્વારા સ્ટિમ્યુલસ પેકેજ પાછા ખેંચી લેવાની ચિંતા વચ્ચે ડોલર સામે રૂપિયામાં ઘટાડો થયો છે. આજે સવારના કારોબાર દરમિયાન રૂપિયાએ ૫૭ની સપાટી મેળવી હતી. ચિદમ્બરમે અન્ય મુદ્દાઓ પર



પણ વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે તમામ દેશોમાં ચલણ સામે હાલ પડકારરૂપ સ્થિતિ છે. ઉંચી વર્તમાન ખાતાકીય ખાદ્ય સાથે તમામ દેશોમાં ચલણ દબાણની સ્થિતિમાં છે. ડોલરની મજબૂતીની અસર અન્ય દેશોના ચલણ પર થઈ રહી છે. દક્ષિણ આફ્રિકા બ્રાઝિલ, તૂર્કી સહિતના દેશોમાં ઉંચી ખાતાકિય ખાદ્યના કારણે ચલણ પર અસર થઈ છે. રૂપિયો ઘટ્યો છે પરંતુ વિદેશી મૂડીપ્રવાહ જારી રહ્યો છે. ઈન્ડિયન બેંક એસોસિએશનના એજીએમમાં તેઓએ આ મુજબની વાત કરી હતી પરંતુ કબૂલાત કરી હતી કે રૂપિયામાં ઘટાડો થતા આયાત ખર્ચમાં વધારો થશે. ચિદમ્બરમે એવી કબૂલાત કરી હતી કે રૂપિયો ટૂંકમાં જ સ્થિર થઈ જશે. ચિદમ્બરમે સોનામાં મૂડીરોકાણ ન કરવા તેમના કસ્ટમરોને સલાહ આપવા બેંકોને અનુરોધ કર્યો હતો. સોના પર આયાત ડ્યુટીને વધારીને આઠ ટકા કરી દેવામાં આવ્યા બાદ ચિદમ્બરમે કહ્યુ હતુ કે આયાતમાં વધારો પોશાય તેમ નથી. બેંકોએ સોના માટે લોકોના પ્રોત્સાહનને દૂર કરવાની જરૂર છે. આ જ કારણસર તમામ બેંકોને આ પ્રકારની સલાહ આપવામાં આવી છે. સોનાની આયાત વધી જવાના કારણે વર્તમાન ખાતાકીય ખાદ્ય પર દબાણ વધ્યુ છે. છ મહિનાની અંદર બીજી વખત ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. છેલ્લે સોના પર આયાત ડ્યુટી ચાર ટકાથી વધારીને જાન્યુઆરીમાં છ ટકા કરાઈ હતી. સીએડીમાં સોનાની આયાત મહત્વની ભૂમિકા ભજવે છે.

## ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન અને વિન્ડીઝ વચ્ચે આજે જંગ

ઓવલ,તા. ૬

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં આવતીકાલે પાકિસ્તાન અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. બન્ને ટીમોની પ્રથમ મેચ હોવાથી બન્ને જીત મેળવવાના ઈરાદા સાથે જ મેદાનમાં ઉતરશે. બન્ને ટીમ પર સ્થાનિક ચાહકો તરફથી દેશ માટે દબાણ રહેશે. બન્ને ટીમો કાગળ પર એક સમાન દેખાઈ રહી છે જેથી બન્ને ટીમમાંથી કોણ વધારે ફેવરીટ ટીમ તરીકે મેદાનમાં ઉતરશે તે અંગે વાત કરવી હાલમાં મુશ્કેલ છે. મિસબા ઉલહકના નેતૃત્વમાં પાકિસ્તાનમાં અનેક સ્ટાર ખેલાડી છે જેમાં જુનેદ કાન, મોહમ્મદ હફીજ, નાસીર જુનેદ અને કામરાન અકમલનો સમાવેશ થાય છે. બોલિંગમાં સઈદ અજમલ હુકમના એક્કા તરીકે સાબિત થઈ શકે છે. પાકિસ્તાનના ખેલાડી વધારે સારો દેખાવ કરવા સજ્જ દેખાઈ રહ્યા છે. પાકિસ્તાનની યુવા ખેલાડીઓથી સજ્જ દેખાતી ટીમ પર ચાહકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બીજી બાજુ વેસ્ટ ઈન્ડિઝની ટીમ વાયને બ્રાવોના નેતૃત્વમાં મેદાનમાં ઉતારશે. ટીમમાં કેટલાક સ્ટાર ખેલાડી છે. જેમાં ડેરેન બ્રાવો, ક્રિસ કેઈલ, સુનિલ નારેન, કિરોન પોલાર્ડ, રવિ રામપોલ, કેમાર રોંચ પણ શાનદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ડેરેન સમ્મી પણ મેચ વિનર ખેલાડી છે. બન્ને ટીમોની તાકાત એક સમાન દેખાઈ રહી છે. આઈસીસી ચેમ્પિયન ટ્રોફી વિશ્વ કપ બાદની સૌથી મોટી સ્પર્ધા છે. આમાં તમામ ટોચની ક્રિકેટ ટીમો મેદાનમાં ઉતરી રહી છે. ક્રિકેટને લઈને ઈગ્લેન્ડમાં ભારે ઉત્તેજનાછે. મેદાન પરની તમામ ટિકિટો વેચાઈ ગઈ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ અને પાકિસ્તાન બન્ને યુવા ક્રિકેટરોને વધારે તક આપી રહી છે. બન્ને ટીમોના યુવા ખેલાડીને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. એક અંદાજ મુજબ આઈસીસી વર્લ્ડ કપને આ વખતે વિશ્વભરના ૧૮૦ દેશોના દોઢ અબજ લોકો નિહાળે તેવી શક્યતા છે. પાકિસ્તાનની ટીમના ખેલાડીઓ જુદી જુદી બાબતોને લઈને હમેંશા વિવાદમાં રહ્યા છે. પાકિસ્તાન પાસે તેની પ્રતિષ્ઠા સુધારવાની તક છે.

## દિલ્હીમાં જોરદાર આંધી સાથે વરસાદ ગરમીથી રાહત

રાજધાની દિલ્હી સહિત એનસીઆરના અનેક વિસ્તારમાં ગુરૂવારે સાંજે જોરદાર આંધી સાથે વરસાદ તુટી પડ્યો હતો. દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં આખો દિવસ સુર્યપ્રકાશ રહ્યો હતો. પછી અચાનક વાદળ ઘેરાવા લાગ્યા અને જોરદાર આંધી સાથે વરસાદ તુટી પડ્યો હતો. જેને કારણે ગરમીથી પરેશાન બની ગયેલા લોકોને થોડી રાહત મળી ગઈ હતી. નોયેડા, ગુડગાંવ, ફરીદાબાદ સાથે ચંદીગઢમાં પણ વરસાદ થયો હોવાના સમાચાર છે.

## શાહજહાં મુમતાઝની કબર જોવાની છેલ્લી તક

આગ્રા, તા. ૬

જો તમે પ્રેમનું અદ્ભુત ઉદાહરણ અને દુનિયાની અજાયબી ગણાતા તાજમહેલને જોવા માંગતા હો તો તમારા માટે આજે સારી તક છે.

મોગલ શહેનશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાઝની યાદમાં તાજમહેલનું નિર્માણ કર્યું હતું. મુમતાઝની કબર નજીકથી જોનારા લોકો માટે આ અનેરો લાહ્નો છે. પાંચ જુનથી શરૂ થયેલા શાહજહાંનાં ઉર્સ પ્રસંગે આ કબરો પર્યટકો માટે ત્રણ દિવસ સુધી ખુલ્લી મુકવામાં આવી હતી. હવે આ કબર નજીકથી નિહાળનારા લોકો માટે માત્ર આજનો દિવસ બાકી રહ્યો છે. એટલું જ નહીં શુક્રવાર સુધી તાજમહેલામાં પ્રવેશવા માટે એન્ટ્રી ફ્રી રાખવામાં આવી છે. વિશ્વ પ્રસિદ્ધ સ્મારક તાજમાં પર્યટકોના પ્રવેશ માટે શાહજહાં અને મુમતાઝની વાસ્તવિક કબરની પ્રતિકૃતી બનેલી છે. શાહજહાં અને તેની બેગમની વાસ્તવિક આ પ્રતિકૃતીની નીચેના કક્ષમાં છે. અગાઉ આ અસલી કબર સુધી આવવા જવાની વ્યવસ્થા હતી. પરંતુ પર્યટકોની સંખ્યામાં વધારો થવાને કારણે તથા સુરક્ષાની દૃષ્ટીએ તે સામાન્ય પ્રજા માટે બંધ કરી દેવામાં આવી હતી.

## માઈકલ જેક્સનની પુત્રીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો

લોસએન્જલસ,તા. ૬

સ્વર્ગસ્થ પોપ સ્ટાર માઈકલ જેક્સનની ૧૫ વર્ષીય પુત્રીએ આત્મહત્યાનો પ્રયાસ કરતા ભારે સનસનાટી મચી ગઈ છે. પેરિસ જેક્સને ગઈકાલે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યા બાદ તેને તરત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જેક્સનના પરિવારના સુત્રોએ કહ્યું છે કે તેની તબિયત હવે હોસ્પિટલમાં સુધારા પર છે. જો કે તેને આત્મહત્યાનો પ્રયાસ કેમ કર્યો તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. જો કે વિશ્વસનીય સુત્રોએ કહ્યું છે કે પેરિસ જેક્સને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પેરિસે થોજાક સમય પહેલા સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર નિવેદન પણ કર્યું હતું. પેરિસ જેક્સન પોતાન પિતાની દજેમ



પોપની દુનિયામાં ઉતરવાની તૈયારી કરી રહી છે ત્યારે આવા બનાવથી તમામને આઘાત લાગ્યો છે. સુત્રોનુ કહેવુ છે કે જેક્સનના ૧૨ વર્ષના પુત્ર સાથે વાત કરવામાં આવે તો લાગે છે કે તમે માકિલ જેક્સનની સાથે જ વાત કરી રહ્યા છો. બીજી બાજુ પેરિસ જેક્સન પણ ગાયિકા બનવા માટેના પ્રયાસમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેક્સનના બાળકો હાલમાં પોતાની દાદી કેથરીન સાથે કેલિફોર્નિયામાં રહે છે. પરિવારની બાબતો પર નજર રાખનાર લોકોનુ કહેવુ છે કે બાળકો પોતાના પિતાની સાથે રહેવાની સરખામણીમાં હવે વધારે સામાન્ય લાઈફ ગાળી રહ્યા છે. પેરિસ જેક્સન અંગેના અહેવાલથી ચાહકોમાં પણ ભારે ચર્ચા છે. તેના આત્મહત્યાના પ્રયાસને પોલીસ હજુ સમર્થન આપી રહી નથી.